ત્રીજા મોરચો દેશ માટે ખતરનાક : મોદી

નવી દિલ્હી,તા. ૨

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે ત્રીજા મોરચાના ઉદયને ફગાવી દઇને કહ્યું હતું કે, ત્રીજા મોરચાનો પ્રયોગ દેશ માટે ખુબ જ ઘાતક સાબિત થશે. દેશમાં એવી સરકારની જરૂર છે જે ઝડપથી નિર્ણય લઇ શકે અને લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરી શકે. એક મુલાકાતમાં જાણીતા હિન્દી અખબાર સમક્ષ મોદીએ કહ્યું હતું કે, તેઓ નક્કર પણે માને છે કે, દેશ નિર્ણાયક તબક્કામાં છે જ્યાં આવા પ્રયોગ ખુબ જ ખતરનાક સાબિત થશે. મોદીએ કહ્યું હતું કે, આવા મોરચાની તરફેણ કરનાર તમામ પક્ષોએ કોંગ્રેસ વિરોધી નીતિઓના આધાર પર આગળ વધવાની

તૈયારી કરી છે પરંતુ એક અથવા બીજી રીતે રાજકીય તકવાદના લીધે ભૂતકાળમાં કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા છે. હવે જ્યારે કોંગ્રેસ સામે દેશમાં નારાજગી છે ત્યારે આજ લોક ત્રીજા મોરચા તરફ કામ કરી રહ્યા છે. આનાથી કોંગ્રેસને જ ફાયદો થશે. ઝીરોટરન્સની નીતિ અપનાવીને ભ્રષ્ટાચારનો સંપૂર્ણ સફાયો કરવાની વાત મોદીએ કરી હતી અને કહ્યું હતું કે, દેશના ટોચના રાજકીય નેતાઓ સમક્ષ પણ તેઓ પડકાર ફેંકે છે. તેમણે ઉમેર્યું હતું કે, ભ્રષ્ટાચારને દૂર કરવા માટે ટોચની રાજકીય નેતાગીરી વિશ્વસનીય હોવી જોઇએ. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત વિસ્તૃત મુલાકાત આપીને ત્રીજા મોરચા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

મોદી સામૂહિક હત્યાઓ માટે જવાબદાર : મુલાયમસિંહ

અલ્હાબાદ,તા. ૨

સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે આજે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને ગુજરાતમાં ૨૦૦૨ના કોમી રમખાણો બદલ તેમના ઉપર દોષારોપણ કર્યા હતા. વિશાળ ચૂંટણી રેલીને સંબોધતા મુલાયમે કહ્યું હતું કે, સૌથી પહેલા મુસ્લિમ સમુદાયના લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા અને હવે માફી માંગવામાં આવી રહી છે. મુસ્લિમો મુરખ છે તેમ ભાજપના લોકો સમજી રહ્યા છે. નરેન્દ્ર મોદી માનવતાના હત્યારા હોવાનો દાવો કરતા મુલાયમ સિંહે તેમના તેજાબી પ્રહારો જારી રાખ્યા હતા. લોકસભાની ચૂંટણી પહેલા મુસ્લિમો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનાર ભાજપ પ્રમુખ રાજનાથસિંહના નિવેદનનો મુલાયમે ઉલ્લેખ કર્યો હતો. મુલાયમ સિંહે ગુજરાત હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. મુલાયમે ૨૦૦૨ના રમખાણો બાદ પણ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મોદી યથાવત

રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, મોદીએ એક વખતે ચેતવણી આપી હતી કે જો તેઓ હિંસા દરમિયાન ગુજરાતની મુલાકાત લેશે તો હત્યા થઇ શકે છે. મોદી ઉપર ધમકી આપવાનો આક્ષેપ કર્યો હતો. ધમકી આપવામાં આવી હોવા છતાં આની પરવાહ કર્યા વગર ગુજરાતની મુલાકાત લીધી હતી. મુલાયમે દાવો કર્યો હતો કે, મોદી જાદુ ઉત્તરપ્રદેશમાં દેખાશે નહીં. વિકાસના કહેવાતા ગુજરાત મોડલની મુલાયમે ઝાટકણી કાઢી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં કશું જ નથી. નિષ્ણાંતો કહી ચુક્યા છે કે, સૌથી પ્રદૂષિત નદીઓ ગુજરાતમાં છે. લોકોને રેલીમાં ખેંચવાના બદલે વિકાસના આધાર ઉપર સ્પર્ધા કરવા મોદીને મુલાયમે પડકાર ફેંક્યો હતો. મુલાયમે એમ પણ કહ્યું હતું કે, મોદી ક્યારેય વડાપ્રધાન બની શકશે નહીં. ભાજપ પાસે કોઇ ઉમેદવાર નથી. તેવો કોંગ્રેસ અને અન્ય પાર્ટીને તોડી રહ્યા છે અને આ પાર્ટીની ટિકિટથી લોકોને ફરી મેદાનમાં ઉતારી રહ્યા છે. મુલાયમે કોંગ્રેસ ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, કોંગ્રેસ પાસે ગરીબ અને લઘમતીઓ માટે કોઇ નીતિ નથી.

દેશની સરહદો તેમના હાથમાં સુરક્ષિત નથી. આજ રેલીમાં બોલતા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે કહ્યું હતું કે, તેમની સરકારે ઘણી બધી કલ્યાણ યોજનાઓ હાથ ધરી છે જે અન્ય સરકારો દ્વારા બંધ કરી દેવામાં આવી હતી. વર્ષના અંત સુધી અલ્હાબાદ શહેરને ૨૦૦૦ મેગાવોટની ક્ષમતા સાથે પાવર પ્લાન્ટ મળશે.

દેશમાં કોમી રમખાણો જાણી જોઇ કરાવાય છે : કેજરીવાલ

કાનપુર,તા. ૨

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કાનપુર રેલીમાં ધારણા મુજબ જ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે, મુલાયમસિંહ યાદવ જે પાર્ટીની સત્તા હોય છે તે જ પાર્ટીની નજીક પહોંચી જાય છે. કેજરીવાલે એક બાબતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે જ્યારે તેઓ નાના હતા ત્યારે બાબરી મસ્જિદનો બનાવ બન્યો હતો. તે વખતે એવું લાગતું હતું કે લોકો ખુશ છે પરંતુ કોઇ મસ્જિદ તોડીને મંદિર બને તેમ લોકો ઇચ્છતા ન હતા. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશની અખિલેશ સરકારના ગાળામાં ૧૦૨ રમખાણો થઇ ચુક્યા છે. દેશમાં રમખાણો થતાં નથી જાણી જોઇએને કરાવવામાં આવે છે. મુઝફ્ફરનગરમાં પણ રમખાણો કરાવવામાં આવ્યા હતા. મુઝફ્ફરનગરમાં જાટ અને મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે ભાઇચારાની સ્થિતિ હતી. જો એક પણ રમખાણમાં યોગ્ય રીતે તપાસ કરવામાં આવે અને રમખાણ કરનાર પાર્ટીને જેલ ભેગા કરવામાં આવે તો દેશમાં રમખાણો બંધ થઇ જશે. દિલ્હીમાં તેમના ધરણા કોઇ નાટકના ભાગરુપે ન હતા. તેઓ મહિલાઓની સુરક્ષા માટે લડી રહ્યા હતા. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની ૪૮ દિવસની સરકાર દરમિયાન ભ્રષ્ટાચારમાં ઘટાડો થયો હતો. પાંચ પોલીસ અધિકારીઓને જેલભેગા કરવામાં આવ્યા હતા. ૪૮ દિવસમાં દિલ્હીમાં વિજળીના બિલ અડધા કરી દેવામાં આવ્યા હતા. અખિલેશ યાદવ બે વર્ષમાં વિજળીના બિલ કેમ ઓછા કરી શકતા નથી. દિલ્હીમાં રિટેલ એફડીઆઇ ઉપર મોદી કોઇ વાત કરી રહ્યા નથી. આનો મતલબ એ થયો કે, વોલમાર્ટ જેવી કંપનીઓના પૈસા પણ ભાજપ પાસે પહોંચી રહ્યા છે. શિલા દિક્ષીતની સામે ૪૮ દિવસના ગાળા દરમિયાનમાં જ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદી રોબર્ટ વાઢેરાની સામે કોઇ વાત કરતા નથી. ભાજપે હજુ સુધી વાઢેરા સામે કોઇ એફઆઇઆર દાખલ કરી નથી. મોદી અને વાઢેરા વચ્ચે સંબંધ છે કે કેમ તેવી શંકા રહેલી છે. અંબાણીના એક ખીસ્સામાં રાહુલ અને બીજા ખીસ્સામાં મોદી હોવાનો ફરી આક્ષેપ કેજરીવાલે કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, લોકોની સ્થિતિમાં સુધારો થવાની શક્યતા ઓછી દેખાઇ રહી છે. મોદીની એક એક રેલીમાં ૫૦-૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. મુકેશ અંબાણીના હેલિકોપ્ટરોનો ઉપયોગ થઇ રહ્યો છે.

પહેલી એપ્રિલથી દેશમાં શાકભાજી, ફળફળાદી, ઘઉં, ચોખા, વિજળી મોંઘા થશે. કેજરીવાલે દાવો કર્યો હતો કે, દેશમાં લહેર ચોક્કસપણે છે પરંતુ આ લહેર નારાજગીની છે. લોકો પરિવર્તન ઇચ્છે છે.

મુકેશ અંબાણી દેશના સૌથી ધનાઢ્ય વ્યક્તિ

નવી દિલ્હી, તા. ૨

વિશ્વમાં રહેલા અબજો પતિના સૌથી મોટા ગ્રૂપમાં ભારત પણ હવે સામેલ થઈ ચૂક્યું છે. પાંચમાં સૌથી મોટા ગ્રૂપ તરીકે ભારત રહ્યું છે. ભારતમાં કુલ ૭૦ અબજોપતિ રહેલા છે. જેમાં મુકેશ અંબાણી સૌથી અમીર ભારતીય તરીકે છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીની અંગત સંપત્તિ ૧૮ અબજ ડૉલરની આસપાસની છે. એક અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. ચાઈના સ્થિત રિસર્ચ કંપની હુરુનની ૨૦૧૪ની વૈશ્વિક અમીર લોકોની યાદીમાં મુકેશ અંબાણી ૪૧માં ક્રમાંકે છે. આ યાદીમાં બિલ ગેટ્સ પ્રથમ ક્રમાંક ઉપર છે. બિલ ગેટ્સની સંપત્તિ ૬૮ અબજ ડૉલરની આસપાસની છે. આ યાદીમાં રહેલા અન્ય ભારતીયોમાં લક્ષ્મી મિત્તલ ૧૭ અબજ ડૉલરની સંપત્તિ સાથે વિશ્વમાં ૪૯માં અને ભારતમાં બીજા ક્રમાંકે છે. જ્યારે સન ફાર્મા ઈન્ડસ્ટ્રીના દિલીપ સંઘવી અને વિપ્રોના અજીમ પ્રેમજી વિશ્વમાં ૭૭માં ક્રમાંકે છે અને તેમની સંપત્તિ ૧૩.૫ અબજ ડૉલરની છે. ટાટા સન્સના પેલોન્જી મિસ્ત્રી વિશ્વમાં ૯૩માં ક્રમાંકે છે અને તેમની સંપત્તિ ૧૨ અબજ ડૉલરની આસપાસની છે. એસપી હિંદુજા પરિવાર યાદીમાં ૯૩માં ક્રમાંકે છે અને તેમની સંપત્તિ પણ ૧૨ અબજ ડૉલરની આસપાસની છે. જ્યારે વિશ્વના સૌથી અમીર લોકોની યાદીની વાત કરવામાં આવે તો બર્કસાયર હેત્વેના વોરન બફેટ ૬૪ અબજ ડૉલરની સંપત્તિ સાથે બીજા ક્રમ ઉપર છે.

જ્યારે ઈન્ડીટેક્સના અમાશિયો ઓરટેગા ૬૨ અબજ ડૉલરની સંપત્તિ સાથે ત્રીજા ક્રમ ઉપર છે. વિશ્વના ચોથા સૌથી અમીર તરીકે કાર્લોસ સ્લીમ પરિવાર છે. તેમની સંપત્તિ ૬૦ અબજ ડૉલરની આસપાસની છે. જ્યારે ઓરાકલના લેરી એલીશનની સંપત્તિ ૬૦ અબજ ડૉલરની આસપાસની છે અને તેઓ પાંચમાં ક્રમે છે.

મોડેલ મતદાન મથક

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

પંચે દરેક વિધાનસભા મતવિસ્તારના મતદાન મથકોનું અક્ષાંસ રેખાંશ મેપીંગ પણ માગ્યું છે. આ ઉપરાંત જિલ્લામાં ચૂંટણીલક્ષી બનતા ગુનાઓ અંગે દરેક જિલ્લામાંથી પોલીસ પાસે અલગ અહેવાલ મંગાવ્યો હોવાની વિગતો પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મત વિસ્તારો છે. અર્થાત્ લોકસભાની ચૂંટણીમાં પાંચ મતદાન મથકો મોડેલ મતદાન મથક બનશે. આ મથકો નિયત કરવાની કામગીરી હાલ તેના અંતિમ તબક્કામાં હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪નું ચાલુ)

બાળલગ્નને પરિણામે બાલિકાનું શિક્ષણ રૂંધાઇ જાય છે. એનો સ્વવિકાસ અટકી જાય છે. એ અજ્ઞાની અને વહેમનો શિકાર રહે છે. ગરીબ ઘરની દીકરી અને ગરીબ ઘરની વહુ હોય તો પતિની ખાતરદારી કરવા ઉપરાંત અને ઘરકામ કરવા ઉપરાંત મજૂરીએ પણ જવું પડે છે. ઘરગથ્થું હિંસાની પણ એ શિકાર બને છે.

આપણા દેશમાં પ્રસૂતિ દરમિયાન બાળમરણનું પ્રમાણ ઘણું ઊંચું છે એના મૂળમાં પણ બાળલગ્ન છે. છોકરીનું શરીર અને મન સગર્ભાવસ્થા અને પ્રસૂતિ માટે તૈયાર ન હોય અને એ સગર્ભા બને ત્યારે ગર્ભના જીવંત અવતરણનો સંભવ ખૂબ ઓછો થઇ જાય છે અને ધારો કે બાળક અવતરેય ખરું, છતાં એ માંદલુ રહે અને નાની માતાની પણ તબિયત પ્રથમ પ્રસૂતિ પછી ક્યારેય સારી ન થાય એવું બને.

દેશમાં જેટલું સ્ત્રીઓનું નાની વયમાં મરણનું પ્રમાણ છે. એટલું જ અથવા જરાક ઓછું યુવકોનું મરણ પ્રમાણ છે. આ સ્થિતિ વિધવાઓનું સર્જન કરે છે. વિધવા બનેલી છોકરીઓ માટે પુનલગ્ન અથવા આજીવન વિધવાવસ્થાના વિકલ્પ રહે છે, પરંતુ કાંઇ કેટલાય કિસ્સામાં એ છોકરી વેશ્યાવૃત્તિમાં ધકેલાય છે. ખાસ કરીને દક્ષિણ ભારતમાં આ સ્થિતિ વિશેષ છે.

અચ્છા, બાળલગ્ન અટકાવવાના કાનૂનનો બન્યા છે પરંતુ જ્યાં સુધી હિંમતવાન નાગરિકો અને સમજુ મા-બાપ તૈયાર ન થાય અને આર્થિક સ્થિતિ ન સુધરે ત્યાં સુધી માત્ર કાનૂનનો ડંડો પછાડવાથી સારા પરિણામ નહિ સાંપડે. તો આજે જ સારો સંકલ્પ લઇ ઉપરી વાતોન વિચારી યોગ્ય નિર્ણય લઇએ.

અઝહર બંગાળમાંથી ચૂંટણી લડવા ઇચ્છુક

પશ્ચિમ બંગાળ કોંગ્રેસના અધ્યક્ષ અધિર ચૌધરીએ કહ્યું છે કે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને કોંગ્રેસના સાંસદ અઝહરુદ્દીન પાર્ટીની ટિકીટ ઉપર આગામી લોકસભાની ચૂંટણી પશ્ચિમ બંગાળમાંથી લડશે. ચૌધરીએ કહ્યું હતું કે અઝહર પશ્ચિમ બંગાળમાંથી ચૂંટણી લડશે. બસિર હાટ, બારાસાથ, ઉલુબેરિયા અને કૃષ્ણનગર ક્ષેત્રોના નામ ઉપર વિચારણા ચાલી રહી છે પરંતુ અમે ઇચ્છીએ છીએ કે અઝહર બસીર હાટમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરે. અઝહરુદ્દીન ઉત્તર પ્રદેશના મોરાદાબાદ સંસદીય ક્ષેત્રમાંથી કોંગ્રેસના વર્તમાન સાંસદ તરીકે છે પરંતુ આ વખતે અઝહર પશ્ચિમ બંગાળમાંથી ચૂંટણી લડવાની ઇચ્છા વ્યક્ત કરી ચૂક્યો છે. જ્યારે અઝહરની મૂળભૂત બેઠક મોરાદાબાદમાંથી આ વખતે જયા પ્રદાને કોંગ્રેસ મેદાનમાં ઉતારે તેવી શક્યતા દેખાઈ રહી છે.

ચીનમાં રેલવે સ્ટેશન પર ભીષણ હુમલો : 33 મોતથી વધુના મોત

બેજિંગ,તા. ૨

દક્ષિણ પશ્ચિમ ચીનના કુનમિંગ શહેરમાં એક રેલવે સ્ટેશન ઉપર ચાકુથી સજ્જ ૧૦થી વધુ હુમલાખોરોએ કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોત થયા છે અને અન્ય ૧૩૦ લોકો ઘાયલ થયા છે. જો કે પોલીસે મોડેથી ભીષણ કાર્યવાહી કરીને હુમલાખોરો પૈકીના ચારને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ચીનમાં તાજેતરના સમયમાં સૌથી મોટા આ હુમલાના કારણે સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો. સત્તાવારાઓએ પશ્ચિમ ચીનમાં વંશીય અલગતાવાદીઓ દ્વારા કરવામાં આવેલા આ હુમલાને આતંકવાદી હુમલા તરીકે ગણાવીને ટીકા કરી છે. નજરે જોનાર સાક્ષીઓએ કહ્યું છે કે મોટાભાગના હુમલાખોરો કાળા વસ્ત્રોમાં સજ્જ હતા અને આ લોકો યુનાન પ્રાંતમાં

કુનમિંગ રેલવે સ્ટેશન ઉપર ત્રાટક્યા હતા અને લોકો ઉપર હુમલા કરવાની શરૂઆત કરી દીધી હતી. સ્ટેશન ઉપર ટ્રેન પકડવાની રાહ જોઈ રહેલા એક પ્રવાસી અને વિદ્યાર્થીએ માહિતી આપતા કહ્યું હતું કે લોકોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. લોકો ચારેબાજુ ભાગતા નજરે પડ્યા હતા. જાણકાર લોકોનું કહેવું છે કે અન્ય લોકો પણ ચારેબાજુ ભાગ્યા હતા. તમામ પાસે ચાકુ હતા. અન્ય સાક્ષીઓએ કહ્યું છે કે આ હુમલાખોરો પાસે તીક્ષ્ણ હથિયારો પણ હતા. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. કેટલાક હુમલાખોરોને કાબુમાં લઈ લેવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટુકડી અને અન્ય તપાસ સંસ્થાઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી પરંતુ તમામ હુમલાખોરો ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. આ બનાવથી સમગ્ર ચીનમાં દહેશત ફેલાઈ ગઈ હતી. ચીનમાં ઘણા બળવાખોર સંગઠનો સક્રિય થયેલા છે જેમાં ઉગુર અલગતાવાદીઓનો પણ સમાવેશ થાય છે. જ્યાં હુમલો કરવામાં આવ્યો છે તે વિસ્તારમાં અગાઉ ક્યારેય પણ આ પ્રકારના હુમલા થયા નથી. રેલવે સ્ટેશનની સામે જ ગાર્ડ પવેલિયન ખાતે લોકો ભારે અફડાતફડીમાં દેખાયા હતા. ઘાયલ થયેલા ૬૦થી વધુ લોકોને કુનમિંગના પીપલ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં ડઝન જેટલા મૃતદેહો પણ જોઈ શકાતા હતા.

ફેસબુકના શેરમાં ઝડપી વધારો નોંધાયો

નવી દિલ્હી,તા. ૨

સોશિયલ નેટવર્કિંગ સાઇટ ફેસબુકના શેરમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. કંપનીના ૨૯ વર્ષના મુખ્ય કારોબારી અને સહસ્થાપક માર્ક જકરબર્ગની સંપત્તિમાં બે વર્ષથી ઓછા સમયગાળાની અંદર ૧૫ અબજ ડોલરનો વધારો થયો છે. જકરબર્ગની સંપત્તિ ૩૩ અબજ ડોલર થઈ ગઈ છે. કંપનીના શેરબજારમાં સામેલ થવાના સમયે એટલે કે ૧૮મી મે ૨૦૧૨ના દિવસે તેમની સંપત્તિ ૧૮ અબજ ડોલરની આસપાસની હતી. કંપનીને મોબાઈલ પ્લેટફોર્મથી થનારી આવકના કારણે ફેસબુકના શેરમાં લોકોનો ઉત્સાહ વધ્યો છે. શેરબજારના પ્રવેશના બે વર્ષની અંદર જ ફેસબુકના શેરની કિંમત ૮મી ફેબ્રુઆરીના દિવસે ૮૦ટકા વધીને ૬૮.૪૬ ડોલર પ્રતિશેર થઈ ગઈ છે. નાસ્ડેક યાદીમાં સામેલ થતી વેળા શેરની કિંમત ૩૮ ડોલર પ્રતિ શેર હતી. આમા જંગી વધારો થયો છે.

ટાઈમ લાઈન

● *અનુસંધાન સાતમાનું ચાલુ*

હોય તો સામાન્ય વ્યક્તિ કે જે નોકરી કરીને પરિવાર ચલાવે છે તેની એક આવક સામે ખર્ચ કેટલો હશે તે માની શકાય તેવી વાત છે. દર મહિને પનો ટૂંકો પડે છે...

ભારતીય રીઝર્વ બેન્ક મારફ્તે ગુજરાતે ૨૦૦૮-૦૯માં ૮૫૩૪ કરોડની લોન લીધી હતી. ૨૦૦૯-૧૦માં તે વધીને ૯૦૦૦ કરોડ અને ૧૦-૧૧માં ૧૧૫૦૦ કરોડે પહોંચી હતી. ૨૦૧૧-૧૨માં સરકારે ૧૬૫૦૦ કરોડની લોન લીધી છે જેની સામે પરત ચૂકવણી સમયે સરકાર ૭.૮૦ ટકાથી લઈને ૯.૨૩ ટકા સુધીનું વ્યાજ ભરે છે. નાણા વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે રાજયના વિકાસના આયોજનના કામો માટે તેમજ વાર્ષિક યોજનાના કદને પહોંચી વળવા ખુલ્લા બજારમાંથી વિકાસ લોન મેળવવામાં આવે છે, જે તમામ સરકારો કરતી હોય છે...

ચૂંટણી ફંડ આપી જમીનની ભેટ લઇ જાવ...

હમણાં વિધાનસભામાં છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગગૃહોને આપવામાં આવેલી જમીનના આંકડા પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. ઉદ્યોગ વિભાગના એક અધિકારીને પૂછ્યું કે રાજયમાં પ્રોજેક્ટ સ્થાપવા માગતા ઉદ્યોગો પૈકી ૭૦ ટકા ઉદ્યોગોને જમીન કેમ આપવામાં આવતી નથી ?... તેમણે વિચાર્યા વિના સીધો જવાબ આપી દીધો કે લોકસભાની ચૂંટણી આવે છે. જે ૩૦ ટકાને સરકારી પડતર જમીન ફાળવી આપવામાં આવી છે તેમણે ચૂંટણી ફંડ આપ્યું હશે, બાકીના ઉદ્યોગોનું બાકી હશે. થોડીવાર પછી તેમણે કહ્યું કે જમીન નહીં આપવાના વિવિધ કારણો હોય છે, સરકારની નિતી પ્રમાણે સુસંગત નહી હોય તેવા ઉદ્યોગોને જમીન આપવાનો કેસ પેન્ડિંગ રાખવામાં આવ્યો છે, જયારે જે લોકો સરકારમાં દરખાસ્ત કરીને ફરી દેખાયા નથી તેમની અરજી વારંવારની સૂચનાઓ પછી રદ કરી દેવામાં આવી છે...

રાજયના નવ જિલ્લા એવા છે કે જયાં ૮૨ કંપનીઓએ સરકારી પડતર જમીન માગી છે. રાજય સરકારે આ કંપનીઓ પૈકી ૧૪ ઉદ્યોગોને જ જમીન ફાળવી છે, બાકીની ૨૩ કંપનીઓને જમીન આપવાનો ઈન્કાર કર્યો છે અને ૪૧ અરજીઓ પેન્ડીંગ રાખી છે. સુઝલોન એવી કંપની છે કે જેણે વિન્ડફાર્મના પ્રોજેક્ટ માટે પાટણ અને કચ્છમાં ૨૮ જગ્યાએ જમીન માગી છે. આ અધિકારીએ તો ત્યાં સુધી કહ્યું હતું કે ચૂંટણી નજીક આવતી જાય છે તેમ ઉદ્યોગોના પ્રતિનિધિઓ સચિવાલયની મુલાકાત લેવાનું ટાળી રહ્યાં છે. છાસવારે ફાઈલની સ્થિતિ જાણવા આવતા રેગ્યુલર પ્રતિનિધિઓ પણ પ્રધાનો અને સેક્રેટરીની ચેમ્બરોમાં દેખાતા નથી.

વૃક્ષ વાવીને તેનું જતન કરનારા દસ હિરો...

આપણા ગુજરાતમાં ૧૦ જેટલા વનપંડિતો છે જેમણે વૃક્ષો વાવવાની વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. આ ૧૦ વ્યક્તિઓને સરકારે એવોર્ડ આપ્યા છે. બાબુભાઇ પદમાભાઇ સવાણી અને સમરણભાઇ સવદાભાઇ સુત્રેજાને પોતાની માલિકીની જમીનમાં હજારો વૃક્ષોનું વાવેતર કર્યું હતું. ભીમજીભાઇ ડાઝાભાઇ કળથીયાએ ૧૦૦૦ લીમડા અને ૧૦ હજાર ઔષધિ રોપાનું વાવેતર કર્યું હતું. બીજા એક ખેડૂત પ્રવિણસિંહ શનાભાઇ ચૌહાણે ખેડૂતોના ખેતરની ૧૦૦ હેક્ટર જમીનમાં ત્રણ લાખ સાગ રોપી દીધા છે. આ છે આપણા વૃક્ષપ્રેમી વ્યક્તિઓ...!!

મંગુભાઇ સી. પટેલ નામના એક ખેડૂત છે જેમણે પોતાની જમીનમાં ૧૨,૫૦૦ વૃક્ષો તો વાવ્યા છે પણ સાથે ૧.૨૩ લાખ રોપાઓનું લોકોને વિતરણ કર્યું છે. એવા જ એક વ્યક્તિ હરનીશ ચંદુભાઇ પટેલ છે જેમણે બે વર્ષમાં ૧.૨૫ લાખ વૃક્ષો વાવ્યા છે. શીંગાભાઇ તુલીયાભાઇ વસાવાએ વાંસની નર્સરી તૈયાર કરી છે. રામાજી ચેલાજી માળીએ બનાસકાંઠા જિલ્લામાં ૧.૨૧ વૃક્ષોને ઉછેર્યા છે. તેઓ ૧૪ વર્ષથી વૃક્ષારોપણ ઝૂંબેશમાં સક્રિય રહ્યાં છે. રેવાભાઇ દાનજીભાઇ પટેલે સાબરકાંઠામાં ગામ દીઠ ૧૦૦ વૃક્ષો પ્રમાણે ૯૦૦ ગામોમાં ૯૦,૦૦૦ વૃક્ષો વાવ્યા છે. લક્ષ્મીબેન વિજયસિંગ વસાવા નામની આદિવાસી મહિલાએ ૪૦૦૦ નીલગીરી અને ૪૦૦ સાગના વૃક્ષને ઉછેર્યા છે...

આપણા પાડોશી રાજ્યો જ પૈસા આપતા નથી...

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી નર્મદા યોજનામાં કેન્દ્ર સરકારને ટારગેટ બનાવે છે પરંતુ પાડોશી રાજય મધ્યપ્રદેશ પાસેથી બાકી લેણાં વસૂલ કરવાનો પ્રયાસ કરવામાં આવતો નથી. નર્મદા યોજના એ માત્ર ગુજરાતની યોજના નથી, ચાર રાજયોની સામૂહિક યોજના છે. હાલ મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર છે છતાં શિવરાજસિંહની સરકાર ગુજરાતને બાકી નિકળતા ૩૨૯૯.૪૮ કરોડ રૂપિયા ચૂકવતી નથી. બીજી તરફ રાજસ્થાનમાં પણ ભાજપની વસુંધરા રાજેની સરકાર છે છતાં ૪૭૭.૦૧ કરોડ રૂપિયા લેવાના બાકી નિકળે છે...

નર્મદાના ત્રીજા લાભિત રાજય મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકારે પણ આપણને બાકી નિકળતા ૧૪૭૫.૧૪ કરોડ ચૂકવ્યા નથી. આમ ત્રણ રાજયો પાસેથી કુલ ૫૨૫૧.૬૩ કરોડ લેવાના નિકળે છે જેમાં ૧૦૭૨ કરોડ બિન વિવાદાસ્પદ રકમ છે છતાં આપણી સરકાર તેને વસૂલ કરી શકતી નથી. નર્મદા નિગમે જણાવ્યું છે કે વારંવાર પ્રયાસો કર્યા પછી આપણે મધ્યપ્રદેશ પાસેથી ૨૧૩૪ કરોડ, રાજસ્થાન પાસેથી ૬૭૭ કરોડ અને મહારાષ્ટ્ર પાસેથી ૧૦૯૮ કરોડ વસૂલી શક્યા છીએ...

દેશનું સુકાન અપરણિતોના હાથમાં આવશે...

ભારતની બેચલર પાર્ટી આજે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ફ્રન્ટ-રનર્સ છે. આ પાર્ટીમાં નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, માયાવતી, જયલલીથા, મમતા બેનરજી અને અન્ના હજારે આવે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ